# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૩ તા.૨૩-૦૮-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ચંદ્રયાન -૩ નાં લેન્ડિંગનું જીવંત પ્રસારણ વિદ્યાર્થીઓને બતાવવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક પ્રા.શિ.નિ./સંકલન/૨૦૨૩-૨૪/૨૭૮૫-૨૮૭૦ તા.૨૩-૦૮-૨૦૨૩

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારતના મૂન મિશન ચંદ્રયાન -૩ આજે તા. ૨૩-૦૮-૨૦૨૩ના રોજ તેના નિર્ધારીત સમય સાંજે ૬-૦૪ વાગ્યે ચંદ્ર પર લેન્ડિંગ થનાર છે. ચંદ્ર પર ભારતના ચંદ્રયાન -૩નું ઉતરાણ એ એક સ્મારક પ્રસંગ છે.

ભારતની આ ઐતિહાસીક તેમજ ગૌરવવંત ક્ષણોને વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો નિહાળી શકે તે માટેનું જીવંત પ્રસારણ આજે તા.૨૩ ઓગષ્ટ-૨૦૨૩ના રોજ IST ૦૫-૨૭ કલાકથી શરૂ થશે. જેની લાઈવ કવરેજ ISROની વેબસાઈટ (https://www.isro.gov.in), ISROની ઓફિશિયલ યુટયુબ ચેનલ (ISRO ઓફિશિયલ) ISROના ફેસબુક પેજ (https://www.facebook.com/)સહિત બહુવિધા પ્લેટફોર્મ્સ દ્વારા ઉપલબ્ધ થશે. અને ડીડીનેશનલ ટીવી ચેનલ પરથી પણ જીવંત પ્રસારણ નિહાળી શકાશે. તેમજ આવતી કાલે તા.૨૪-૦૮-૨૦૨૩ના રોજ સવારે પુનઃ પ્રસારણ થનાર છે. તો વિદ્યાર્થીઓ, વાલીઓને આ જીવંત પ્રસારણ નિહાળવા જણાવવામાં આવે છે.

તા.૨૩-૦૮-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી